## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, ઘરમાં સોનુ હોય તો તમને જાણકારી આપવી તે બરાબર પણ, ઘરમાં અનાજ ન હોય તો ક્યા સાહેબને મળવાનું એ તો કહો...

# સિવિલમાં છેલ્લા એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૫૦થી વધુ દર્દીઓ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં તેજ ગતિએ ડેન્ગ્યુ વકરી રહ્યો છે. શહેરમાં દિવસે ને દિવસે ડેન્ગ્યુનો કહેર વધતાની સાથે ઘાતક પણ નીવડી રહ્યો છે. છેલ્લા એક અઠવાડીયામાં શહેરની હોસ્પિટલમાં ડેન્ગ્યુના ૨૫૦થી વધુ કેસ નોંધાયા છે. સિવિલમાં ડેન્ગ્યુ વધતા નવા વોર્ડ પણ ઉભા કરાયા છે. ત્યારે નગરમાં ડેન્ગ્યુની સાથે વાઈરલ ફીવર અને ઝાડા-ઉલ્ટી૨૩૧ તેમજ ટાઈફોઈડના ૨૭ દર્દીઓ નોંધાયા છે. ત્યારે આરોગ્ય તંત્ર તો સબ સલામતના દાવા કરી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં વધી રહેલા રોગચાળાને લઈ આરોગ્ય તંત્ર દ્વારા સચોટ કામગીરી કરવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

ગાંધીનગર શહેરમાં હાલ બેવડી ૠતુનો અનુભવ નગરજનો કરી રહ્યા છે. બપોરે ગરમી લાગે છે તો સાંજે ઠંડીનો ચમકારો નગરજનો અનુભવે છે. ત્યારે દિવાળી બાદ ડેન્ગ્યુના કેસમાં ઘટાડો નોંધાશે તેમ લાગી રહ્યું હતું. પરંતુ દિવાળીના દિવસો પછી ડેન્ગ્યુના કેસમાં નોંધનીય વધારો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળે છે. મોડીરાત સુધી ડોકટરોના ખાનગી કલીનીક પર દર્દથી કણસી રહેલા દર્દીઓ લાંબી લાઈનો લગાવી સારવાર માટે બેઠા નજરે પડે છે. શહેરની સિવિલમાં તેમજ ખાનગી હોસ્પિટલના તમામ સ્પેશયલ રૂમમાં ડેન્ગ્યુના દર્દીઓ મોટાભાગે સારવાર લઈ રહ્યા છે. શહેરની સિવિલ તેમજ ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. શહેરની લેબમાં કરવામાં આવતા ડેન્ગ્યુના ટેસ્ટમાંથી ૨૦થી ૩૦ ટકા કેસ પોઝીટીવ આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં છેલ્લા એક અઠવાડીયામાં ડેન્ગ્યુના ૨૫૦થી વધુ કેસ નોંધાયા છે. તે ઉપરાત વાઈરલ ફીવરના દર્દીઓથી ઓપીડી ધમધમે છે. ડેન્ગ્યુની સાથે સિવિલમાં ઝાડા-ઉલ્ટીના ૨૩૧ કેસ અને ટાઈફોઈડના -૨૭ કેસ તેમજ ચીકનગુનીયાના ૨ કેસ જોવા મળ્યા છે. ત્યારે બિન આરોગ્યપ્રદ સિઝનમાં બહારનો રાંધેલો ખોરાક ન ખાવા માટે તબિબો જણાવી રહ્યા છે.



## ઉત્કર્ષ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા કેન્સરગ્રસ્ત દર્દીઓને કિટ વિતરણ

ઉત્કર્ષ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા અમદાવાદ ખાતે કેન્સરની સારવાર લઈ રહેલ ૦ થી ૧૮ વર્ષના બાળકો અને તેમના વાલીને રહેવા-જમવાની મફત સેવા છેલ્લા ૩ વર્ષથી આપવામાં આવી રહી છે. જેમાં શ્રી લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રીમતી હંસાબેન સુથાર દ્વારા બાળકો અને માતાઓને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દેવજીભાઈ કાનજીભાઈ વોરા દ્વારા ૧૨૫ કિલો ઘઉંનું અન્નદાન કરવામાં આવ્યું હતુ તેમજ દર માસે ૮૦ કિલો ઘઉંનું અન્નદાન આપવાની બાહેંધરી આપી હતી.

# સવારે ઠંડકભર્યા વાતાવરણમાં મોર્નિંગ વોકર્સમાં વધારો

શહેરમાં નૂતન વર્ષના પ્રારંભથી જ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે, ખાસ કરીને રાત્રીના સમયેથી પરોઢિયા સુધી વાતાવરણમાં આહલાદક ઠંડક અનુભવાઈ રહી છે. આ ઠંડક સાથે જ શિયાળાનો પ્રારંભ થતાજ શહેરના સ્વાસ્થ્યપ્રેમી નાગરિકો વહેલી સવારે મોર્નિંગ વૉકથી માંડીને યોગ-કસરત-વ્યાયામ કરવા માટે મોટી સંખ્યામાં બહાર નીકળવા લાગ્યા છે જેના પગલે શહેરના બાગ-બગીચા, ફૂટપાથો અને સેક્ટરના માર્ગો પર મોર્નિંગ વૉકર્સમાં વધારો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરવાસીઓ સ્વાસ્થ્ય માટે જાગૃત નાગરિકો ગણાય છે અને પાટનગરમાં બાગ-બગીચા તથા હરિયાળીના કારણે વહેલી સવારે શુદ્ધ તાજી હવા સાથે ખુશનુમા વાતાવરણ જોવા મળે છે. શિયાળાની ૠતુ આમ પણ આરોગ્ય માટે ગુણકારી ૠતુ ગણાય છે અને છેલ્લા કેટલાક



સમયથી શહેરમાં સર્જાયેલા વાદળછાયા વરસાદી વાતાવરણને પગલે આમ પણ ઠંડકનું વાતાવરણ હતુ જ તેમાં શિયાળાનો પ્રારંભ થતા પ્રસરેલી ઠંડકે નાગરિકોને મોર્નિંગ વોક કરવા પ્રેરિત કર્યા છે. જેના કારણે શહેરના માર્ગો પર, ફૂટપાથ પર અને સ્વર્ણિમ પાર્ક, પુનિતવન, સે. ૧ તળાવ સહિતના અન્ય તમામ બાગ-બગીચાઓમાં મોર્નિંગ વોકર્સની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

# મલેશિયા ખાતે ટ્રાયથ્લોન આર્યનમેન સ્પર્ધા પૂર્ણ કરીને મહેશ પ્રજાપતિએ ગુજરાતનું નામ રોશન કર્યુ

**મૂળ મહેસાણાના કોઠાસણા ગામના મહેશ પ્રજાપતિ આર્યનમેનનું બિરૂદ મેળવનાર એકમાત્ર ગુજરાતી સ્પર્ધક : ટ્રાયથ્લોનમાં સ્વીમીંગ, સાયકલીંગ અને રનીંગની લાંબા અંતરની સ્પર્ધાઓ સળંગ નિયત સમય મર્યાદામાં પુરી કરવાની હોય છે**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરને અડીને આવેલા મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના કોઠાસણા ગામના મૂળ વતની અને સુરત ખાતે બિલ્ડરનો વ્યવસાય કરતા એવા મહેશ પ્રજાપતિએ દુનિયામાં કપરી ગણાતી ટ્રાયથ્લોન આર્યનમેન સ્પર્ધા સફળતાપૂર્વક



પૂર્ણ કરીને ‘આર્યનમેન’નું બિરૂદ પ્રાપ્ત કર્યુ છે. આ સ્પર્ધા ગત તા. ૨૬મી ઓકટોબરે મલેશિયાના લંકાવી આઈલેન્ડ ખાતે યોજાઈ હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું નામ રોશન કરવા બદલ રાજયના નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ દ્વારા મહેશ પ્રજાપતિનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

આર્યનમેન ટ્રાઈથ્લોન એ લાંબા અંતરની ત્રણ રમતની સંયુકત સ્પર્ધા છે. જે વર્લ્ડ ટ્રાયથ્લોન કોર્પોરેશન-ડબલ્યુટીસી દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાય છે. આ કપરી સ્પર્ધામાં ૩.૮૬ કિમીનું સ્વીમીંગ, ૧૮૦.૨૫ કિમીનું સાયકલીંગ અને ૪૨.૨ કિમીનું રનીંગ કરવાનું હોય છે અને આ ત્રણેય રમતો સળંગ માત્ર કુલ ૧૭ કલાકમાં પુરી કરવાની હોય છે. જમાં સ્વીમીંગ માટે ૨.૨૦ કલાક, સાયકલીંગ માટે ૧૦.૩૦ કલાક અને રનીંગ ૧૭ કલાકમાંથી બાકીના વધેલા સમયમાં પૂર્ણ કરવાનું હોય છે. લંકાવી ખાતે આયોજિત સ્પર્ધામાં વિશ્વભરમાંથી આશરે સાડા ત્રણ હજાર સ્પર્ધકો પસંદગી પામ્યા હતા. જેમાં ભારતના ૧૬ સ્પર્ધકો પૈકી ગુજરાતમાંથી એક માત્ર મહેશ પ્રજાપતિની પસંદગી થવા પામી હતી. મહેશ પ્રજાપતિએ સ્વીમીંગ માત્ર ૧.૩૫ કલાકમાં, સાયકલીંગ માત્ર ૭.૩૦ કલાકમાં તે પણ એક પણ વાર સાયકલ પરથી નીચે ઉતર્યા વગર જ પુરું કર્યુ હતું. આ પછી તેમણે રનીંગ ૯૫ ટકાથી વધુ ભેજયુકત વાતાવરણ હોવા છતાં માત્ર ૬.૧૪ કલાકમાં પુરું કર્યુ હતું અને પોતાના હાથમાં તિરંગો ફરકાવતા ફરકાવતા ફિનીશ લાઈન ક્રોસ કરી ‘આર્યનમેન’નું બિરૂદ હાંસલ કર્યુ હતું. સ્પર્ધામાં આશરે ૧૩૫૦ જેટલા સ્પર્ધકોએ ‘આર્યનમેન’ના બરૂદ મેળવ્યા હતા. જેમાં ભારતના છ સ્પર્ધકો હતા. જેમાંથી ગુજરાતના એકમાત્ર મહેશ પ્રજાપતિ હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મહેશ પ્રજાપતિ અગાઉ સ્વીમીંગમાં દરિયામાં યોજાતી ૯ કિમીની તરણ સ્પર્ધા, રનીંગમાં અનેક હાફ મેરેથોન તથા ફુલ મેરેથોન પુરી કરવા સાથે સાયકલીંગમાં સૌથી પ્રતિષ્ઠિત ગણાતી સુપર રેન્ડનિયર્સ સ્પર્ધા એક જ વર્ષમાં ૨૦૦ કિમી, ૩૦૦ કિમી, ૪૦૦ કિમી અને ૬૦૦ કિમીના ચારેય સ્ટેજ સફળતાપૂર્વક પુરા કરી સુપર રેન્ડોનિયર્સનો ખિતાબ પણ જીતી ચુકયા છે.

# સંભવિત ‘મહા’ વાવાઝોડાની આફત સામે તંત્રની સજ્જતા-સતર્કતાની સર્વગ્રાહી સમીક્ષા

**રાજ્યમાં ૧૫ એનડીઆરએફ ટીમ છે - વધુ ૧૫ ટીમ આવી રહી છે : કલાકના ૮૦ થી ૯૦ કિ.મી. ઝડપે પવન ફૂંકાવાની સંભાવના**

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં સંભવિત ‘મહા’ વાવાઝોડાની આફતની સ્થિતી અંગે વહીવટીતંત્રની સજ્જતા અને સર્તકતાની સર્વગ્રાહી સમીક્ષા ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરી હતી.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તેમજ રાજ્ય મંત્રીમંડળના વરિષ્ઠ મંત્રીઓ સર્વ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૌશિકભાઈ પટેલ, આર.સી. ફળદુ, સૌરભભાઈ પટેલ, કુંવરજી બાવળિયા તેમજ રાજ્યમંત્રીઓ પ્રદીપસિંહ જાડેજા, વિભાવરીબહેન દવે, યોગેશભાઈ પટેલ વગેરે આ બેઠકમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીએ આ સંભવિત વાવાઝોડાની સ્થિતી અને રાજ્યના જિલ્લાતંત્રોની સજ્જતાની વિગતો મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ અને સચિવો પાસેથી મેળવી હતી.

આ બેઠક બાદ સંભવિત ‘મહા’ વાવાઝોડાની સ્થિતીની વિગતો મહેસૂલ અધિક મુખ્ય સચિવ પંકજકુમાર અને ભારતીય હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક જયંત સરોકારે પ્રચાર માધ્યમોને આપી હતી.

પંકજકુમારે જણાવ્યું કે, હાલની સ્થિતીએ આ ‘મહા’ વાવાઝોડું તા. ૬ નવેમ્બરથી ૭ નવેમ્બર વચ્ચે રાજયના દિવ-પોરબંદર નજીક લેન્ડ ફોલ થવાની સંભાવના છે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, આ વાવાઝોડાની હાલની તીવ્રતા ઈન્ટેન્સીટી દિન-પ્રતિદિન ઘટી રહી છે અને કલાકના ૮૦ થી ૯૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે.

મહેસુલ અધિક મુખ્ય સચિવે ઉમેર્યુ કે, મુખ્યમંત્રીએ સમગ્ર સ્થિતીનો સર્વગ્રાહી ચિતાર મેળવી સતર્કતા માટે જરૂરી સૂચનો કર્યા છે. રાજ્યના મુખ્ય સચિવ સાથે કેન્દ્રીય કેબિનેટ સચિવે પણ વિડીયો કોન્ફરન્સ યોજીને રાજ્યની સ્થિતીનો જાયજો મેળવ્યો છે.

આ સંદર્ભમાં મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ પણ રાજ્યના જિલ્લાતંત્રવાહકો સાથે વિડીયો કોન્ફરન્સ યોજીને તંત્રની સજ્જતા અંગે માહિતી મેળવવાના છે.

રાજ્યમાં હાલ ૧૫ એનડીઆરએફ ટીમ તૈનાત છે અને વધુ ૧૫ ટીમ આવી રહી છે. તેની વિગતો આપતાં પંકજકુમારે રહ્યું કે, હાલના તબક્કે આપણી પ્રાથમિકતા દરિયામાં માછીમારી માટે ગયેલી ફિશીંગ બોટ પરત આવે તે છે.

કુલ ૧૨૬૦૦ બોટ સમુદ્રમાં માછીમારી માટે ગયેલી છે તેમાંથી ૧૨ હજાર જેટલી તો પરત આવી ગઈ છે અને સોમવાર સાંજ સુધીમાં અન્ય બોટ પણ પરત આવી જશે. મહેસુલ અધિક મુખ્ય સચિવે રાજ્યના નાગરિકોને ખાસ અનુરોધ કર્યો કે આ વાવાઝોડાની તીવ્રતા ઘટી રહી છે તેથી ભયભીત થવાની કોઈ જરૂરિયાત નથી.

# ૩૦૦૦ની લેતીદેતી મુદ્દે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ પર હુમલો

**પૈસાની લેતી-દેતી બાબતે તેમના ત્રણ મિત્રોએ ચપ્પા દ્વારા હુમલો કર્યો : હિંસક હુમલા મામલે પોલીસ મથકે ફરિયાદ**

અમદાવાદ, તા. ૫

શહેરના ઓઢવ વિસ્તારમાં આવેલા પંચદેવ મંદિર પાસે ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં બે વિદ્યાર્થી ઉપર પૈસાની લેતી-દેતી બાબતે તેમના જ ત્રણ મિત્રોએ ચપ્પા વડે હુમલો કરતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીએ સમગ્ર બનાવ અંગે ઓઢવ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં આવેલ શીતલછાયા સોસાયટીમાં રહેતાં અને વસ્ત્રાલમાં આવેલ મહાદેવનગરની જ્ઞાનોદય વિદ્યાલયનાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં આકાશ ઉપાધ્યાયે ઓઢવ પોલીસ સ્ટેશનમાં તેના જ ત્રણ મિત્રો વિરુદ્ધમાં ફરિયાદ દાખલ કરી હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, આકાશ અને તેના મિત્ર શિવમ અને અતુલ બાઈક પર જતાં હતાં, ત્યારે ત્રણેય યુવકો પૈકી અતુલ પાસે આવીને કહેવાં લાગ્યાં કે તારી પાસેથી ત્રણ હજાર રૂપિયાં લીધા હતા તે પાછાં નહીં મળે. અતુલે તારા પૈસા આપવાં પડશે તેમ કહેતાં રાહુલ નામનો યુવક એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને અતુલ પર એકાએક હુમલો કરી દીધો હતો. રાહુલે આકાશ અને શિવમને પીઠ અને શરીર પર ચપ્પાનાં ઘા ઝીંકી દીધા હતા. ત્યારબાદ શિવમનાં એક્ટિવાની તોડફોડ કરીને ધમકી આપતાં કહ્યુ હતું કે, હવે પછી જો પૈસા માગ્યા તો જાનથી મારી નાખીશ. ધમકી આપીને રાહુલ અને તેનાં બે મિત્રો ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત આકાશ અને શિવમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. પોલીસે રાહુલ તથા બે મિત્રો વિરુદ્ધમાં ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. જો કે, આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

# ભાનુશાળીના કેસમાં મનીષા અને સુરજીતની ધરપકડ

સયાજીનગરી એક્સપ્રેસમાં પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીની પોઈન્ટ બ્લેન્ક રેન્જથી હત્યા કરવાના ચકચારભર્યા પ્રકરણમાં સીટ અને રેલ્વે પોલીસે આ કેસના મુખ્ય સૂત્રધાર આરોપી મનીષા ગોસ્વામી અને સુરજીત ભાઉની ધરપકડ કરી હતી. અગાઉ પોલીસે નવ આરોપીઓની ધરપકડ કરી હતી. જ્યારે મનીષા ગોસ્વામી, સુરજીત ભાઉ અને નિખીલ થોરાટ ફરાર હતા. ત્યારે સીઆઈડીએ રચેલી એસઆઈટીને મોટી સફળતા મળી છે અને ત્રણેય ફરાર પૈકી આ બે આરોપીઓની ધરપકડ કરી હતી. આ સાથે જ ભાનુશાળી હત્યા કેસમાં ધરપકડનો આંક ૧૧ પર પહોંચ્યો હતો. મનીષા ગોસ્વામી અને સુરજીતભાઉને અલ્હાબાદ કોર્ટમાં રજૂ કરાશે. બાદમાં એસઆઈટી બંનેને ગુજરાત લાવશે. અગાઉ સીટે છબીલ પટેલની કરેલી પૂછપરછમાં એવું બહાર આવ્યું હતુ કે, મૃતક જયંતિ ભાનુશાળી અને છબીલ પટેલ વચ્ચે રાજકીય સ્પર્ધાના કારણે મનદુખ હોઈ તેમણે મનીષા ગોસ્વામી, સુજીત ભાઉ તથા તેમની ગેંગનો સાથ લઈ જયંતિ ભાનુશાળીને બદનામ કરવા માટે પ્લાન ઘડ્યો હતો. જે અંતર્ગત ભાનુશાળી સામે સુરતમાં દુષ્કર્મની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જો કે, સમાજના આગેવાનીની મધ્યસ્થીથી આ કેસમાં બંને વચ્ચે સમાધાન થયું હતું અને ભાનુશાળીનો છુટકારો થયો હતો. આ બનાવ બાદ બંને વચ્ચે ફરી મનદુઃખ વધી ગયું હતું જેમાં વળતા ઘા તરીકે જયંતિ ભાનુશાળીએ છબીલ પટેલ સામે દિલ્હીમાં દુષ્કર્મની ફરિયાદ ઊભી કરાવી હતી. બીજી બાજુ છબીલ પટેલના સાથી જયંતિ ઠક્કર ઉર્ફે જયંતિ ડુમરાએ કે.ડી.સી.સી. બેંકમાં કરેલા આર્થિક વ્યવહારો બાબતે ચાલતી તપાસ પરનો સ્ટે ભાનુશાળીએ ઉઠાવવાનો પ્રયાસ કરતા મામલો વધુ બીચક્યો હતો.



## નર્મદા તટે સિધ્ધ યોગાશ્રમ ખાતે વીસમી મૌન શિબિર

ગાંધીનગરના શ્રી સિધ્ધયોગ સાધન મંડળ દ્વારા નર્મદા પરિક્રમાના પથ પર નદી તટે સ્થિત કરજણ તાલુકાના દેરોલી ગામે સિધ્ધયોગાશ્રમ ખાતે વીસમી મૌન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ૭૭ સાધકો સતત દસ દિવસ સુધી મૌન પાળશે જે કેવળ વાણીનું જ નહી પરંતુ વાચિક, માનસિક અને સર્વ પ્રવૃત્તિઓનું મૌન રહેશે. સિધ્ધયોગ સાધન મંડળ દ્વારા દર વર્ષે લાભ પાંચમથી પૂનમ સુધી આ રીતે વર્ષમાં એકવાર મૌન શિબિરનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૧૮ થી ૭૫ વર્ષની વયના સાધકો ભાગ લે છે. આ વર્ષે યોજાયેલ મૌન શિબિરમાં ૭૭માંથી ૬૦ જેટલા સાધકો યુવા સાધકો છે તેમજ કુલ સાધકોમાં ૩૪ જેટલી મહિલા સાધકો છે. શિબિર દરમ્યાન શિબિરાર્થીને તેમજ સ્વયંસેવકોને ભોજનમાં મગ, સલાડ, ખીચડી, થુલી, છાશ જેવો હળવો ખોરાક પીરસવામાં આવે છે જેથી દસ દિવસની શિબિર દરમ્યાન સાધકના શરીરમાં રહેલા ઝેરી તત્વો દૂર થઈ શકે અને તેમનું આરોગ્ય સારૂ રહે તેવુ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. આ સાથે જણાવાયું છે કે મૌન શિબિરના કારણે સાધકોનું આખુ વર્ષ તરોતાજા પસાર થાય છે તેથી સૌએ એકવાર મૌન શિબિરનો અનુભવ લેવો જોઈએ.

## વડોદરામાં હેલ્મેટ નહી પહેરેલા યુવાને ટ્રાફિક જવાનને ઘસડયો

વડોદરા શહેરમાં નવા ટ્રાફિક નિયમોની અમલવારી દરમ્યાન ટ્રાફિકના એક પોલીસ જવાનને બાઈક ચાલક યુવકે ૨૫ ફૂટ સુધી ઘસડ્યો હતો. જેના કારણે ટ્રાફિક જવાનને ગંભીર ઈજા પહોંચી હતી. હેલ્મેટ પહેર્યા વિના પસાર થતાં બાઈક ચાલકને ટ્રાફિક પોલીસે રોકવાનો પ્રયાસ કરતા યુવકે બાઈક ભગાવવાનો પ્રયાસ કર્યો ત્યારે ટ્રાફિક જવાને તેની બાઈક પર લટકીને તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ યુવકે તેની બાઈક જોરદાર રીતે ભગાવી હતી અને ટ્રાફિક જવાનને બાઈકની પાછળ ૨૫ ફુટ સુધી ઘસડયો હતો. જેના આધારે પોલીસે યુવાનની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. દરમ્યાન એક બાઈક ચાલક હેલ્મેટ પહેર્યા વિના પસાર થતાં ફરજ પરના ટ્રાફિક પોલીસ જવાન મુકેશભાઈ રાઠવાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. નિયમનો ભંગ કરનાર બાઈક ચાલક દંડથી બચાવવા માટે પોલીસ જવાનને ચકમો આપીને ભાગી છૂટવાનો પ્રયાસ કર્યો હતો.

## આગામી ૨૨મીએ ઉપરાષ્ટ્રપતિ ગાંધીનગર આવશે

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી વૈંકૈયા નાયડુ આગામી ૨૨મી નવેમ્બરના રોજ ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે. શ્રી નાયડુ ઉપરાષ્ટ્રપતિ બન્યા પછી ગાંધીનગર પહેલીવાર આવી રહ્યા છે. તેઓ કરાઈ નજીક પોલીસ એકેડમીના કાર્યક્રમમાં હાજરી આપવા માટે ગાંધીનગર આવી રહ્યા છે.

શ્રી નાયડુનો હાલ એક જ દિવસનો પ્રવાસ કાર્યક્રમ છે. તેઓ ૨૨મીએ સવારે વિમાનમાર્ગે અમદાવાદ આવશે. આ પછી મોટરમાર્ગે ગાંધીનગર આવશે. ત્યારબાદ તેઓ કરાઈ પોલીસ એકેડમીના કાર્યક્રમમાં હાજરી આપશે. ઉપરાષ્ટ્રપતિશ્રીની મુલાકાતને લઈ તંત્રએ પણ તેની તૈયારીઓ આરંભી દીધી છે.


## જાહેર નિવિદા

સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨, ગાંધીનગરની વર્ષ ૨૦૧૯-૨૦ની વાર્ષિક જરૂરિયાત માટે (૧) અનાજ કરિયાણુ (૨) શાકભાજી (૩) દૂધ અંગેના વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાના હોઈ રસ ધરાવતા અધિકૃત વિક્રેતા / વેપારી પેઢીઓ / સખી મંડળો / સ્વસહાય જુથો / સહકારી સંસ્થાઓ / સંઘો / મંડળો પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. આ માટેના નિયત કોરા ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયેથી હોસ્પિટલ કાર્યાલયમાંથી રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) જમા કરાવ્યેથી (રવિવાર કે જાહેર રજાના દિવસો સિવાય) કામકાજના કલાકોમાં તા. ૭/૧૧/૨૦૧૯ થી ૧૩/૧૧/૨૦૧૯ સુધી રૂબરૂ મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મ આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટ / રૂબરૂથી સ્વીકારવાની છેલ્લી તા. ૧૯/૧૧/૨૦૧૯ના રોજ બપોરના ૧૨-૩૦ કલાક સુધીની છે. નિયત નમૂના સિવાય તેમજ નિયત સમય મર્યાદા બહાર આવેલ ટેન્ડર ફોર્મ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. ટેન્ડર તા. ૨૫/૧૧/૨૦૧૯ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે કમિટીની હાજરીમાં ખોલવામાં આવશે તે સમયે ટેન્ડર મોકલનાર હાજર રહી શકશે. કચેરીનો નિર્ણય બંધનકર્તા રહેશે.

**વૈદ્ય પંચકર્મ વર્ગ-૧,**
**સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨, ગાંધીનગર**

માહિતી/૧૪૨૬/૧૯-૨૦



**જાહેરનામુ**
**મહેસુલ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૧૮/૧૦/૨૦૧૯**
**જાહેરનામું**
**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકારનો અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

**ગામ : ધોળાસણ, જિ. મહેસાણા**
**ક્રમાંક : જ.સં./રા.ધો./વ.કે. નં.૧/૧૯**
**નં. અમ-૨૦૧૯-૬૩૪-મ-જમહ-૧૪૧૯-૧૦૭૨-ઘ**

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકારનો અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની પેટા કલમ (૧) (હવે પછી તેનો ઉલ્લેખ ‘અધિનિયમ’ તરીકે કરવામાં આવશે.) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે, આ સાથે જોડેલ પરિશિષ્ટમાં બતાવવામાં આવેલ જમીનની જાહેર હિતના હેતુ માટે એટલે કે ‘એલ.સી. નં.૨૧૧, વળતર કેસ નં. ૧/૨૦૧૯ ડી.એફ.સી.સી. યોજના હેઠળ આર.ઓ.બી. (રેલવે ઓવરબ્રીજ)ના બાંધકામ માટે જમીન સંપાદન કરવા’ અર્થે જરૂરં.

(૨) આથે જાહેર કરે છે કે,
(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન કુલ ક્ષેત્રફળ ૬૫૧૬.૫૩ ચો.મી. છે અને તે ધોળાસણ ગામ, મહેસાણા તાલુકા, મહેસાણા જિલ્લામાં આવેલ છે.
(૨) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. ‘એલ.સી. નં.૨૧૧, વળતર કેસ નં. ૧/૨૦૧૯ ડી.એસ.સી.સી. યોજના હેઠળ આર.ઓ.બી. (રેલ્વે ઓવરબ્રીજ)ના બાંધકામ માટે જમીન સંપાદન કરવા.’
(૩) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણે નીચે મુજબ છે.
‘એલ.સી. નં.૨૧૧, વળતર કેસ નં. ૧/૨૦૧૯, ડી.એસ.સી.સી. યોજના હેઠળ આર.ઓ.બી. (રેલ્વે ઓવરબ્રીજ)ના બાંધકામ માટે જમીન સંપાદન કરવા.’ના આંતર માળખાકીય પ્રોજેક્ટના બાંધકામના જાહેર હેતુ માટે અનુસૂચિત વિસ્તારની જમીનના સંપાદનને કારણે.
(૪) ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ના કલમ-૧૦ (એ) હેઠળ મહેસુલ વિભાગ, ગાંધીનગર, ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક : અમ/૨૦૧૯/૩૬૬/મ/જમહ/૧૪૧૯/૧૦૭૨-ઘ તા. ૨૦/૬/૨૦૧૯થી મુક્તિ આપવામાં આવેલ છે. આથી ઉક્ત અધિનિયમની કમલ-૧૦(એ) હેઠળ સામાજિક અસરોના મૂલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.
(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે.
**પ્રાન્ત અધિકારી, મહેસાણા**

(૩) આ જમીન હિત ધરાવતી બધી વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે, કોઈપણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરતા અટકાવવા નહી. આ જાહેરનામુ બહાર પડ્યા બાદ કલેક્ટરની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઈ ભાગની કોઈપણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડા પટ્ટે આપવી, ગીરવે મુકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહિ. જો તેમ કરવામાં આવે તો, અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદન વખતે વળતરનું મૂલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહી આવે.

(૪) ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થસે તો અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદાની અંદર આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરાવાનું આંશિક રીતે અથવા પૂરેપૂરી રીતે રદ કરવામાં આવે તો આવી હકિકત અધિનિયમની જોગવાઈ મુજબ યોગ્ય રીતે જાહેર કરાશે.

(૫) અધિનિયમની કલમ-૩ના ખંડ (જી) હેઠળ મળેલ સત્તાની રૂએ પ્રાન્ત અધિકારી, મહેસાણાને અધિનિયમની જોગવાઈઓ હેઠળ આ જમીનો માટે કલેક્ટરની ફરજો બજાવવા માટે નિયુક્ત કરે છે.

(૬) આ જાહેરનામાં પ્રસિદ્ધિની તારીખથી ૬૦ દિવસની અંદર, આ અધિનિયમની કલમ-૧૫ મજુબનો જો કોઈ સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ કલેક્ટર અથવા અધિકૃત અધિકારીને રજૂઆત કરી શકશે.

**પરિશિષ્ટ**

જિલ્લો : મહેસાણા | તાલુકો : મહેસાણા | ગામ : ધોળાસણ

| અ.નં. | સર્વે નંબર / બ્લોક નં. | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૪ | ૦.૦૭ |
| ૨ | ૨૯૩ | ૨૮૭.૩૩ |
| ૩ | ૨૯૪ | ૩૦૧.૩૨ |
| ૪ | ૨૯૫ | ૩૮૮.૯૦ |
| ૫ | ૨૯૬ | ૨૩૦.૦૬ |
| ૬ | ૨૯૭ | ૩૩૩.૮૧ |
| ૭ | ૩૧૨ | ૧૬૨૯.૧૧ |
| ૮ | ૩૧૩ | ૧૯.૯૮ |
| ૯ | ૩૨૩ | ૧૦૯૦.૭૮ |
| ૧૦ | ૩૨૪ | ૧૧૦૭.૭૭ |
| ૧૧ | ૩૨૫ | ૧૧૨૬.૯ |
| ૧૨ | ૩૨૬ | ૦.૪૧ |
| | **કુલ** | **૬૫૧૬.૫૩** |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(એચ. જે. રાઠોડ)**
**ઉપસચિવ (જ.સં.)**
**મહેસુલ વિભાગ, ગાંધીનગર**

**ક્રમાંક : નામાનિ/મહે/૨૯૨/૧૯-૨૦**